# ક્વિઝ સ્પર્ધાનો વિસ્તૃત અહેવાલ

26/07/2025

શ્રીમતી એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના કોમર્સ વિભાગ દ્વારા કિવિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝ સ્પર્ધામાં કુલ ૫ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા, જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાન અને બૌદ્દિધક કૌશલ્યમાં વધારો કરવાનો હતો. પ્રથમ રાઉન્ડમાં ગુજરાતનો પરિચય તથા ગુજરાતના ભૌગોલિક સ્થળો, સંસ્કૃતિ અને વિશેષતાઓને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.બીજા રાઉન્ડમાં ભારતનો પરિચય ને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા ત્યારબાદ ત્રીજા રાઉન્ડમાં રમત-ગમત વિશે તથા ચોથા રાઉન્ડમાં કંપનીના બ્રાન્ડ લોગોની ઓળખ અને અંતિમ રાઉન્ડમાં બિઝનેસ ટાયકૂન અને મહાનુભાવો વિશેનો હતો. સ્પર્ધાના અંતે વિજેતા થનાર ગ્રુપને કોલેજ પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે દેશ-દુનિયાના પ્રવાહોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ આયોજન કોલેજ ના પ્રાધ્યાપક ડો. અનિલ હોથી દ્વારા કરવામાં આવ્યું હતું.

# Detailed Report of Quiz Competition

26/07/2025

Quiz Competition was organized by the Commerce Department of Smt. A.V.D.S. Arts and Commerce College, Jamjodhpur. A total of 5 rounds were held in this quiz competition, the main objective of which was to increase the general knowledge and intellectual skills of the students. In the first round, questions were asked about the introduction of Gujarat and the geographical places, culture and specialties of Gujarat. In the second round, questions were asked about the introduction of India, then in the third round, about sports, in the fourth round, about the recognition of the company's brand logo, and in the final round, about business tycoons and dignitaries. At the end of the competition, the winning group was congratulated by the college family. Along with their studies, the students were informed about the trends of the country and the world. This was organized by the college professor Dr. Anil Hothi.

# Photos of Internship Guidance Seminar










પોઝિટિવ ન્યૂઝ, ઈન્ફોર્મેટિવ ન્યૂઝ

**અબતક**

સાંધ્ય દૈનિક

## જામજોધપુરઃ સવજાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં યોજાઇ ક્વિઝ સ્પર્ધા

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુરમાં અમૃતબેન વાલજીભાઈ દામજીભાઈ સવજાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક જ્ઞાનવર્ધક ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા, વિષયનું ઊંડું જ્ઞાન અને ઝડપી નિર્ણય લેવાની કુશળતાને પ્રોત્સાહન આપવાનો હતો. આ સ્પર્ધામાં કોલેજના ત્રણેય વર્ષના બી.કોમના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિજેતા થનાર છાત્રોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સુચારૂં સંચાલ ડો.અનિલ હોથી તથા વિવે માણસુરીયા દ્વારા કરવામાં આવે હતું તથા કોલેજના આચાર્ય કે.જી પટેલ ઉપસ્થિત રહી અ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કય તેમણે જણાવ્યું કે આવા કાર્યક્ર વિદ્યાર્થીઓના શૈક્ષણિક અ વ્યાવસાયિક વિકાસ મા મહત્વપૂર્ણ છે.

Saurashtra Edi
30 Jul, 2025 Page N